# ગુજરાત ગ્રામીણ બેંક
## ભાવનગર રીજીયન

રીજિયન ઓફીસ , બીજો માળ ,દવે મીઠાઈ વાળા ની ઉપર વિશ્વકર્મા સર્કલ પાસે , ભાવનગર ૩૬૪૦૦૧

ઈ-મેઈલ: r4credit@sgbrrb.org

**સરફાએસી એક્ટ ૨૦૦૨ અંતર્ગત જંગમ તથા સ્થાવર મિલકતોના વેંચાણ માટેની ઈ-હરરાજી નોટીસ**

**જંગમ તથા સ્થાવર મિલકતોની ધી સીક્યુરીટાઈઝેશન અને રિકન્સ્ટ્રકશન ઓફ ફાઈનાન્સિયલ એસેટ્સ અને એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યુરીટી ઈન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨, ધી સિક્યુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમ ૨૦૦૨ ના નિયમ ૬(૨) તથા ૮(૬) ની જોગવાઈઓ સાથે વંચાણે લઈ તે તળે ની ઈ-હરરાજીની વેંચાણ નોટીસ**

આથી સામાન્ય જનતાને અને ખાસ કરીને સબંધિત ઉધારકર્તાઓ, ભાગીદારોને નોટીસ આપવામાં આવે છે કે નીચે વર્ણન કર્યા મુજબની જંગમ તથા સ્થાવર મિલકતો સદર સુરક્ષિત લેણદાર ગુજરાત ગ્રામીણ બેંક (અગાઉ સૌરાષ્ટ્ર ગ્રામીણ બેંકને) ગીરવે/ તારણે કરી આપેલ છે અને જેનો પ્રત્યક્ષ કબજો ગુજરાત ગ્રામીણ બેંક (અગાઉ સૌરાષ્ટ્ર ગ્રામીણ બેંક) ના અધિકૃત અધિકારીએ મેળવેલ છે તે મિલકતો ગુજરાત ગ્રામીણ બેંક (અગાઉ સૌરાષ્ટ્ર ગ્રામીણ બેંક) ના સબંધિત ઉધારકર્તાઓ, ભાગીદારો પાસે નીચેની વિગતે બાકી નીકળતા લ્હેણાની વસુલાત માટે “જ્યાં છે ત્યાં છે”, “જે છે તે છે” અને “જે કંઈ ત્યાં છે” ના ધોરણે **૧૯ જુલાઈ, ૨૦૨૫** ના રોજ ઈ-હરરાજી દ્વારા વેંચાણ કરવામાં આવશે. ઉધારકર્તાઓ, ભાગીદારો, જેની વસુલાત માટે મિલકતો વેંચવાની છે તે સુરક્ષિત લ્હેણાની રકમ, સુરક્ષિત મિલકત/તો ની વિગત, અનામત રકમ (રીઝર્વ પ્રાઈસ), બાનાની રકમ (અર્નેસ્ટ મની ડીપોઝીટ), ઈ-હરરાજીની તારીખ અને સમય અને હરરાજીમાં બોલીમાં વધારો કરવાની રકમ (Bid Increase Amount) વિગેરે ની વિગતો નીચે મુજબ છે.

| ક્રમ | ઉધારકર્તા નું નામ અને સરનામુ તથા ભાગીદારો /જામીનદારોના નામ | વસુલવાપાત્ર લ્હેણું | સ્થાવર/ જંગમ મિલકતની વિગત | અનામત કિંમત (રૂ.) | બાનાની રકમ (રૂ.) | બોલીમાં વધારો કરવાની રકમ (રૂ.) |
|---|---|---|---|---|---|---|
| ૧ | મે. વી.પી.સ્ટીલ ઈન્ડસ્ટ્રીયલ પ્લાન્ટ -ધાંધળી , આર. એસ. નં ૬૬૮/૯ પૈકી ૪, ભાવનગર – અમદાવાદ રોડ ,ગામ – ધાંધળી , તાલુકા – શિહોર , જીલ્લો –ભાવનગર-૩૬૪૨૪૦ | રૂ. ૨,૯૩,૨૪,૨૮૯/- (તા. ૧૧.૦૮.૨૦૨૦ ની ડીમાંડ નોટીસ મુજબ) + ત્યારબાદનું તેની ઉપરનું વ્યાજ, ખર્ચાઓ વિ.-ત્યાર બાદની વસુલાત) | **<u>લોટ નં. ૧: મેઈન શેડ અને અન્ય શેડ</u>**<br>કંપની ની ફેક્ટરી સાઈટ ધાંધળી , રેવેન્યુ સર્વે નં ૬૬૮/૯ પૈકી ૪, ભાવનગર – અમદાવાદ રોડ ,ગામ – ધાંધળી , તાલુકા – શિહોર , જીલ્લો –ભાવનગર-૩૬૪૨૪૦ સ્થળે અને ખાતે આવેલ છે. | ૪૦,૦૦,૦૦૦ /- | ૪,૦૦,૦૦૦/- | ૨૫,૦૦૦/- |
| | | | **<u>લોટ નં.૨: જમીન અને તેના ઉપર નું બાંધકામ ( મેઈન શેડ અને અન્ય શેડ સિવાયનું)</u>**<br>જમીન તેમજ તેના ઉપર નું બાંધકામ, જેનો કુલ જમીન વિસ્તાર ૧૨,૧૪૧ ચો.મી (રેવેન્યુ રેકોર્ડ મુજબ)., રેવેન્યુ સર્વે નં ૬૬૮/૯ પૈકી ૪, ભાવનગર – અમદાવાદ રોડ, ગામ – ધાંધળી , તાલુકા – શિહોર , જીલ્લો –ભાવનગર-૩૬૪૨૪૦. | ૧,૨૪,૦૦,૦૦૦/- | ૧૨,૪૦,૦૦૦ | ૨૫,૦૦૦/- |

મહત્વની તારીખો:

- મિલકતોના નિરીક્ષણની તારીખ અને સમય: મિલકત લોટ નં. ૧ તથા ૨ માટે: તા. **૧૦.૦૭.૨૦૨૫** , સવારના ૧૧.૦૦ થી બપોરના ૧.૦૦ સુધી
- બાનાની રકમ શાખાના ઈન્ટરમીડીયરી ખાતા -ખાતા નં.૭૮૦૨૩૫૩૦૪૨૧ માં (IFSC: SGBA0000252) થી ભરવાની તથા અધિકૃત અધિકારીને જરૂરી દસ્તાવેજો પહોંચતા કરવાની છેલ્લી તારીખ: તા. **૧૭.૦૭.૨૦૨૫** ના સાંજના ૫.૦૦ વાગ્યા સુધી.
- ઈ- હરરાજી ના તારીખ અને સમય: તા. **૧૯.૦૭.૨૦૨૫,** સવારના ૧૧.૦૦ થી બપોરના ૧.૦૦ (બંધ થવાની છેલ્લી ૫ મીનીટમાં બોલી (બીડ) આવે તો આપમેળે એક્ષટેન્શન સાથે)

**<u>REMARKS: Disclosure in terms of final judgement and order dated 10.09.2024 passed by the Hon’ble Gujarat High Court in Special Civil Application No.8773 of 2024:</u>**

(1) As per the communication dated 07.12.2024 of the State Tax Officer, Bhavnagar, a charge of the Value Added Tax Department operates on the immovable property <u>(Lot No.2)</u> described/mentioned hereinabove vide attachment order dated 28.01.2021 read with attachment order dated 12.07.2024 passed by the Assistant Commissioner, Commercial Tax, Bhavnagar.

(2) Under Rule 8(7)(f) of Security Interest (Enforcement) Rules, 2002, the undersigned considers it necessary and appropriate to state/inform about the Division Bench judgement of the Hon’ble Gujarat High Court dated 26.07.2024 in SCA 2527 of 2023 wherein it has been observed inter alia that the secured creditor shall have first charge in view of the priority of charge as prescribed in section 26E of the SARFAESI Act; that the charge in respect of the property created for sales tax dues or VAT dues is of no avail and has no efficacy in law in view of the provisions of SARFAESI Act and the RDB Act and that the successful auction purchaser would become the absolute owner of the property once a sale certificate has been issued in the purchaser’s name and a (registered) sale deed is executed in the purchaser’s favour. A copy of the said judgement dated 26.7.2024 is available with the undersigned for perusal of prospective purchasers/bidders.

**નિયમો અને શરતો:**

૧. . હરરાજી/ બોલી “ઓનલાઈન ઈ – હરરાજી” થી website https://www.bankeauctions.com વેબસાઈટ દ્વારા ઉપરોક્ત સમયે અને તારીખે થશે.

૨. હરરાજીમાં રસ ધરાવતા બોલી બોલનારાઓએ બાનાની રકમ (અર્નેસ્ટ મની ડીપોઝીટ) પેટે રીઝર્વ કિંમતના ૧૦% રકમ NEFT/ RTGS થી સૌરાષ્ટ્ર ગ્રામીણ બેંક, ભાવનગર શાખાના ઈન્ટરમીડીયરી ખાતા -ખાતા નં. 78023530421 (IFS Code SGBA0000252) થી જમા કરાવવાની રહેશે, અને બાનાની રકમ ભર્યા બાદ, તેમણે/ તેણીએ (૧) બાનાની રકમ જમા કરાવ્યાના પુરાવા રૂપે NEFT/ RTGS કર્યાના UTR Number (૨) પોતાનો તાજેતરનો પાસપોર્ટ સાઈઝનો ફોટો (૩) ઓળખ તથા સરનામાના પુરાવા (જેવાકે આધાર કાર્ડ/ મતદાર ઓળખપત્ર/ ડ્રાઈવીંગ લાયસન્સ/ પાસપોર્ટ) ની સ્વ પ્રમાણિત નકલ (૪) પાન કાર્ડ ની સ્વ પ્રમાણિત નકલ (૫) સંપર્ક નંબર (મોબાઈલ નંબર કે લેન્ડ લાઈન નંબર) અને (૬) માન્ય ઈ-મેઈલ એડ્રેસ (કે જેની ઉપર ઈ-હરરાજી કરાવનાર દ્વારા હરરાજી પ્રક્રિયામાં સામેલ થવાનો યુઝર આઈડી અને પાસવર્ડ મોકલવામાં આવશે) વિ. વિગતો/દસ્તાવેજો અધિકૃત અધિકારી, સૌરાષ્ટ્ર ગ્રામીણ બેંક, ભાવનગર રીજીયન , ભાવનગર ૩૬૪૦૦૧ ને ઉપર દર્શાવેલ સરનામે તા. ૧૭/૦૭/૨૦૨૫ ના ૦૫:૦૦ સુધીના સમયમાં પહોંચતા કરી દેવાના રહેશે. આ તમામ (૧) થી (૬) સુધીમાં જણાવેલ વિગતો/દસ્તાવેજો અધિકૃત અધિકારીને ઈ-મેઈલ: r4credit@sgbrrb.org ઉપર પણ મોકલી શકાશે.

૩. રસ ધરાવનાર બોલી બોલનારાઓએ ઈ-હરરાજીમાં ભાગ લેતા પહેલા M/s. C1 India Pvt. Ltd પાસેથી યુઝર આઈડી અને પાસવર્ડ (જે હરરાજી માં ભાગ લેવા માટે જરૂરી છે) તેમજ ઈ-હરરાજી અંગે તાલીમ/માર્ગદર્શન મેળવી લેવા. આ માટે બોલી બોલનારાઓએ પોતાનું માન્ય ઈ-મેઈલ એડ્રેસ/ ઈ-મેઈલ આઈડી અને પાન નંબર હોવા જોઈએ. આ સંદર્ભે વધુ માહિતી/વિગતો મેળવવા મે. M/s. C1 India Pvt. Ltd. is +91-7291981124/25/26 & (1) Mr. Bhavik Pandya – +91 8866682937. Helpline E-mail gujarat@c1india.com, shilbu.babu@c1india.com નો સંપર્ક કરવો.

૪ રસ ધરાવનાર બોલી બોલનારાઓને ઈ-હરરાજીમાં ભાગ લેતા પહેલા હરરાજી વેચાણની વિગતવાર શરતો અને નિયમો માટે M/s. C1 India Pvt. Ltd ની વેબસાઈટ website https://www.bankeauctions.com જોઈ જવા પણ ખાસ સૂચિત કરવામાં આવે છે.

૫. બાનાની રકમ (અર્નેસ્ટ મની) જમા કરાવ્યા વિનાની કે પૂરતા જરૂરી દસ્તાવેજો પહોચતા જમા કર્યા વિનાની ઓફરો રદ્ કરી દેવામાં આવશે.

૬. રસ ધરાવનાર પાર્ટી/ સંભવિત બોલી બોલનારાઓએ વધુ માહિતી/વિગતો મેળવવા માટે , ગુજરાત ગ્રામીણ બેંક (અગાઉ સૌરાષ્ટ્ર ગ્રામીણ બેંક), રીજિયન ઓફીસ , બીજો માળ ,દવે મીઠાઈ વાળા ની ઉપર વિશ્વકર્મા સર્કલ પાસે , ભાવનગર ૩૬૪૦૦૧, મોબાઈલ નં. ૭૫૭૪૮૦૮૪૦૦/ ૭૫૭૪૮૦૮૦૪૧/૭૫૭૪૮૦૮૨૫૨ , ઈ-મેઈલ: : r4credit@sgbrrb.org નો સંપર્ક પણ કરી શકે છે.

૭. ઈ-હરરાજી પ્રક્રિયા અંતે જે બોલી બોલનારની બોલી સૌથી ઉંચી હશે તેને સફળ બોલીકાર જાહેર કરવામાં આવશે અને બેંકના અધિકૃત અધિકારીની મંજૂરીને આધીન ઈલોક્ટ્રોનીક માધ્યમથી આ બાબતે જાણ કરવામાં આવશે.

૮. જે તે મિલકત અથવા લોટ માટે ખરીદીમાં રસ ધરાવનાર/ સંભવિત બોલી બોલનાર એકજ વ્યક્તિ હોય અને તે વ્યક્તિ ઈ-હરરાજી પ્રક્રિયામાં ભાગ લેવા લાયક ઠર્યા બાદ ઈ-હરરાજી પ્રક્રિયામાં સામેલ થયા હોય તો તેવા કિસ્સામાં તે વ્યક્તિ હરરાજી પ્રક્રિયા દરમ્યાન સમય મર્યાદામાં બોલી/ ઓફર ના કરે તો પણ તેમને તે મિલકત અથવા લોટ માટેના તેની ન્યુનતમ અનામત કિંમત માટેના સફળ બોલીકાર જાહેર કરવામાં આવશે અને બેંકના અધિકૃત અધિકારીની મંજૂરીને આધીન ઈલોક્ટ્રોનીક માધ્યમથી આ બાબતે જાણ કરવામાં આવશે.

૯. સફળ બોલી બોલનારે વેંચાણ કિંમતની ૨૫% રકમ તાત્કાલિક જમા કરાવવાની રહેશે. બાકીની રકમ વેંચાણ પાક્કુ થયે ૧૫ દિવસની અંદર જમા કરાવવાની રહેશે. જો આમ કરવામાં નહિ આવેતો બેંક ખરીદનારની અગાઉ જમા કરાવેલ રકમ (બાનાની રકમ સહીત) જપ્ત કરશે. ચુકવણીમાં કસુર થતા મિલકત બીજા હાઈએસ્ટ ઓફરર/ બોલી બોલનારને ઓફર કરાશે અથવા ફરી વેંચવામાં આવશે અને કસુરવાર ખરીદનારનો કંઈ પણ પ્રકારનો કોઈ દાવો રહેશે નહિ. મિલકત ઉપરના કોઈ પણ કાયદાકીય, GST, TDS કે અન્ય પ્રકારના બાકી ચૂકવવાપાત્ર લ્હેણા, જો કોઈ હશે તો તે, ખરીદનાર દ્વારા ચૂકવવાના રહેશે.

૧૦. જો સદર વેંચાણ પેટે જમા કરેલ કે ચૂકવેલ કુલ રકમ રૂ. ૫૦ લાખ કે તેથી વધુ હશે તો આવકવેરા કલમ ૧૯૪-૧-એ અંતર્ગત ૧% લેખે ટીડીએસ ચૂકવવાની જવાબદારી તે સફળ બોલી બોલનાર / ખરીદદારની રહેશે. ટીડીએસ ઓનલાઈન ફોર્મ નં ૨૬ ક્યુબી ભરીને ભરવાનો રહેશે. સાથે ટીડીએસ સર્ટીફીકેટ ફોર્મ નં ૧૬ બી માં રજુ કરવાનું રહેશે. ખરીદદારે ઈ-હરરાજીના ૧૫ દિવસમાં સરકારી ખાતામાં ટીડીએસ (ઈન્કમટેક્ષ) ભર્યાનો પુરાવો રજુ કરવાનો રહેશે.

૧૧. જો કોઈ પણ કારણોસર વેંચાણ પાક્કુ કરવામાં ન આવે કે રદબાતલ ગણવામાં આવે તો વેંચાણને લાગુ જો કોઈ આકસ્મિક ખર્ચા આવે તો તે તમામ ખર્ચા બોલી બોલનારે ભોગવવાના રહેશે અને તેમને આ નુકસાન પેટે વળતરનો હક્ક રહેશે નહી.

૧૨. મિલકત/તો ના વેંચાણ બાબતે બેંક/ અધિકૃત અધિકારીનો નિર્ણય આખરી, બંધનકર્તા અને અપ્રશ્નાર્થ રહેશે. બેંક કોઈ પણ કારણો આપ્યા વિના આ હરરાજી રદ્ કે મુલ્તવી રાખવાનો પોતાનો અધિકાર અનામત રાખે છે.

૧૩. વેંચાણ કીમત પુરેપુરી ભરી દેતા અને વેંચાણ પ્રક્રિયા પૂરી થતા સફળ બોલી બોલનાર/ ખરીદદારને સરફેસી નિયમ મુજબનું વેંચાણ સર્ટીફીકેટ આપવામાં આવશે. સફળ ખરીદદારે આ વેંચાણ સર્ટીફીકેટના રજીસ્ટ્રેશન / નોંધણી માટે હાલના/ભવિષ્યના તમામ વેરાઓ, સ્ટેમ્પ

ડ્યુટી, રજી. ફી અને આકસ્મિક ખર્ચાઓ ભોગવવાના રહેશે.

૧૪. આ નોટીસ સિક્યુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમો ૨૦૦૨ ના નિયમ ૬ (૨) અને ૮(૬) હેઠળ ઉધારકર્તાઓ/ ગીરવેદારો / જામીનદારો ને પણ નોટીસ છે.

૧૫. બોલી બોલનાર હરરાજીમાં પોતાના પસંદગીના સ્થળ ઉપરથી ભાગ લઈ શકશે. ઈન્ટરનેટ જોડાણની વ્યવસ્થા તેણે પોતેજ કરવાની રહેશે. ઈન્ટરનેટ જોડાણ, નેટવર્ક મુશ્કેલી, સીસ્ટમ ભાંગી પડવી, વીજળી જતી રહેવી વિ. માટે બેંક કે સેવા આપનાર જવાબદાર રહેશે નહી.

૧૬. અસફળ બોલી બોલનારાઓને ઈ-હરરાજીની પ્રક્રિયા પૂરી થયાના ત્રીજા દિવસે તેની બાનાની રકમ પરત આપવામાં આવશે. અસફળ બોલી બોલનારાઓને પરત અપાતી બાનાની રકમ ઉપર કોઈ વ્યાજ ચુકવવામાં આવશે નહી.

૧૭.બેંકને જ્યાં સુધી જાણ અને માહિતી છે ત્યાં સુધી વેંચાણ કરવામાં આવનાર મિલકત ઉપર આ બેંક સિવાય કોઈનું લ્હેણું કે બોજો નથી ઉપર દર્શાવ્યા સિવાયનું. આમ છતાં રસ ધરાવતા બોલી બોલનારે બોલી બોલતા પહેલા મિલકત ઉપરના કોઈ પણ દાવા, ચાર્જ કે બેંક સિવાય કોઈ પણ ઓથોરીટીના લ્હેણા બાબતે ઊંડી તપાસ કરી લેવી તેમજ મિલકતના ટાઈટલ, ગુણવત્તા, જથ્થા અને સંખ્યા અંગે જાતે સંતોષ મેળવી લેવો.

૧૮. આ વેંચાણ કોઈ પણ પ્રકારની વોરન્ટીઝ અને ઈન્ડેમ્નીટીઝ વિનાનુ હોઈ, આ મિલકતો "કોઈ પણ જવાબદારી વિના" ના ધોરણે વેંચવામાં આવશે.

૧૯. જો ઉધારકર્તા હરરાજી વેંચાણની તારીખ પહેલા બેંકનું લ્હેણું પૂરેપૂરું ભરી આપશે તો હરરાજી બંધ, રદ્દ કે પરત ખેંચી લેવાશે.

૨૦. વેંચાણ સિક્યુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમો ૨૦૦૨ ની શરતો તેમજ ભારત સરકારની આ સબંધેની સૂચનાઓ અન્વયેની બેન્કની માર્ગદર્શિકાની શરતોને આધીન રહેશે.

૨૧. પ્રાથમિક બોલીની રકમ રીઝર્વ પ્રાઈસ/ અનામત કીમત જેટલી અથવા તેના કરતા વધુ હોવી જોઈએ અને ત્યાર બાદ બોલી બોલનાર તેની બોલી/ઓફર રૂ. ૨૫૦૦૦/- ના ગુણાંકમાં વધારી શકશે.

૨૨.આ હરાજી નોટીસનું અંગ્રેજીમાંથી અન્ય ભાષામાં અનુવાદ કરતી વખતે કોઈ ક્ષતિ થયેલ જણાશે તો અસલ અંગ્રેજી લખાણ જ માન્ય ગણાશે.

૨૩. ઉપરોક્ત મિલકતો માટે DRT કે અન્ય કોઈ કોર્ટ નો જે કઈ પણ ઓર્ડર આવે તે સફળ ખરીદદાર ને બંધન કર્તા રહેશે.

**૨૪. જો લોટન નં. ૧ મેઈન શેડ અને અન્ય શેડ ની ઓફર સફળતા પૂર્વક આવે તો જ લોટ નં. ૨ (લેન્ડ એન્ડ બિલ્ડીંગ)ની ઓફર સ્વીકારવામાં આવશે.**

**૨૫. જો બીડર બંને લોટ (લોટ નં. ૧ અને લોટ નં. ૨) સાથે ની બીડ ભરશે તો તેને અગ્રમતા આપવામાં આવશે.**

**આ નોટીસને ઉધારકર્તાઓ, ભાગીદારો માટે પણ સિક્યુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમો ,૨૦૦૨ ના નિયમ ૬ (૨) અને ૮(૬) હેઠળ ૧૫ દિવસની વૈધાનિક વેચાણ નોટીસ ગણવામાં આવશે.**

ઉધારકર્તાઓ, ભાગીદારોને આથી ઉપર જણાવેલ વસુલવાપાત્ર લ્હેણું જે તે તારીખના વ્યાજ તથા તમામ આનુસંગિક ખર્ચાઓ સહીત સદર હરરાજીની તારીખ પહેલા ભરપાઈ કરી જવા નોટીસ આપવામાં આવે છે, જેમાં નિષ્ફળ ગયે ઉક્ત મિલકતોની હરરાજી/ વેંચાણ કરી નાખવામાં આવશે અને ઘટતી રકમ, જો કોઈ રહે તો, તે વ્યાજ અને ખર્ચાઓ સાથે ઉધારકર્તાઓ/ભાગીદારો પાસેથી વસુલવામાં આવશે.

(આ હરરાજી નોટીસનું અંગ્રેજીમાંથી અન્ય ભાષામાં અનુવાદ કરતી વખતે કોઈ ક્ષતિ થયેલ જણાશે તો અસલ અંગ્રેજી લખાણ માન્ય ગણાશે)

**તારીખ: ૦૩.૦૭.૨૦૨૫** — **-સહી-**

**સ્થળ: ભાવનગર** — **અધિકૃત અધિકારી, ગુજરાત ગ્રામીણ બેંક (અગાઉ સૌરાષ્ટ્ર ગ્રામીણ બેંક), ભાવનગર રીજીયન**